હસ્તે શ્રી મુલજી નરશી લધાભાઈ પોલડિયા,
શ્રી યોગેશ શાહ, શ્રી દીપેશશાહ, અ.સૌ. શ્રીમતી અનીતા રાવત
ટેબલ ટોપ સ્મોલ

૧૨૧ **સિનીયર ગ્રુપ ઓફ ઈન્ડસ્ટ્રીઝ** — બાયઠ - વડાલા
હસ્તે શ્રી મુલજી નરશી લધાભાઈ પોલડિયા,
શ્રી યોગેશ શાહ, શ્રી દીપેશશાહ, અ.સૌ. શ્રીમતી અનીતા રાવત
સિલ્વર ફ્રોસ્ટ સેટ વિથ મુખવાસ

૧૨૨ **માતુશ્રી વેલબાઈ લાધુબાઈ લોડાયા પરિવાર** — રાપર ગઢવારી - ઘાટકોપર
હસ્તે અ.સૌ. ધનલક્ષ્મીબેન પુનશી લોડાયા
ડ્રાયફ્રુટ થેલી

૧૨૩ **શ્રી અશોકભાઈ બાબુભાઈ લાપસિયા** — દલતુંગી - ડોમ્બીવલી
કાચના બાઉલ ૨ નંગનો સેટ

૧૨૪ **સ્વ. મુક્તાબેન દામજી ધરમશી** — સેવક ભરૂડિયા - વિક્રોલી
હસ્તે વંદના બંકિમ ધરમશી
પાણીની બોટલ અને ગ્લાસ

## મહેંદી મુકવા માનદ્ સેવા આપનાર

| | |
|---|---|
| **અર્ચના વિજય લોડાયા** | ડોમ્બીવલી |
| **દર્શના કિશોર છેડા** | ડોમ્બીવલી |
| **રીટાબેન સત્રા** (નિયાનીબેન) | અંબરનાથ |
| **જસ્મીના લિતેશ ખોના** | ડોમ્બીવલી |
| **હિરલ મિથુન જીવાણી** | ડોમ્બીવલી |
| **ડીમ્પલભાઈ મહેન્દ્ર મૈશેરી** | ઘાટકોપર |

## બ્રાઈડલ મેકઅપ માટે

| | |
|---|---|
| **કીંજલ જેનિલ આશર** (નિયાનીબેન) | ઘાટકોપર |

## સમુહ લગ્ન નિભાવ ફંડ માટે આવેલ અનુદાન દાતાઓની નામાવલી

| | |
|---|---|
| એક સદગ્રહસ્થ | |
| લક્ષ્મીચંદ લાલજી પોલડિયા | બાયઠ - મુલુંડ |
| શ્રી અનંતનાથ કો. ઓપ. હા. સોસાયટી | કાંજુર માર્ગ |
| શ્રી પરાગ બીપીન પોલડિયા | બાયઠ - થાણે |
| શ્રી ત્રિકમજી લધાભાઈ શિયાળ | દલતુંગી - સાંગલી |
| શ્રી પદમકુમાર ધનજી નાગડા | નલિયા - હુબલી |
| શ્રી પુનશી મેઘજી શિયાળ | રંગપુર - ભાંડુપ |
| શ્રીમતી પુષ્પા સોમચંદ ધુલ્લા | દલતુંગી - વડાલા |
| શ્રી પદમભાઈ લાલજી લોડાયા | વરાડિયા - ડોમ્બીવલી |
| માતુશ્રી નવલબેન જીવરાજ દેવણાધ લોડાયા પરિવાર | રાપર ગઢવારી-વાશી |
| શ્રી લખમશી વેલજી મોતા | નલિયા - નલિયા |
| શ્રીમતી કાશ્મીરાબેન ધુલ્લા | કાંજુર માર્ગ |
| શ્રી કેતન લક્ષ્મીચંદ મૈશેરી | લાલા - કાંજુર માર્ગ |
| કુ. અલ્પા સોમચંદ દંડ | લાલા - મુલુંડ |
| સ્વ. પ્રભાવતી સોમચંદ દંડ | લાલા - મુલુંડ |
| માતુશ્રી વેલબાઈ લખમશી માણાવાલા (નાગડા) | નલિયા - ડોમ્બીવલી |
| શ્રીમતી ગીતાબેન વિનોદ ડાઘા | વરાડિયા - મુલુંડ |
| શ્રી પદમશી ચત્રભુજ ડાઘા | વરાડિયા- ભાંડુપ |
| શ્રી મણીલાલ દામજી ધુલ્લા | ભરૂડિયા - ચાલીસગામ |
| શ્રી હર્ષદ ઝવેરચંદ લાલકા | વારાપધર - ઘાટકોપર |
| તન મન ટુર્સ હસ્તે ચીમનભાઈ મોતા | વારાપધર મુલુંડ |
| એક સદગ્રસ્થ | |
| શ્રી હિતેન્દ્ર લક્ષ્મીચંદ નાગડા | મોટી ખાવડી - દીવા |
| એક સદગ્રસ્થ | |
| અ.સૌ. દીપા હિરેન લક્ષ્મીચંદ નાગડા | જખૌ - મુલુંડ |
| શ્રીમતી રેખાબેન વસંત માલદે | દલતુંગી |
| માતુશ્રી રમીલાબેન પદમશી ધરમશી | સુથરી - ડોમ્બીવલી |
| હસ્તે કાશ્મિરાબેન ગીરીશ ધરમશી | |
| શ્રી ઠાકરશી મેઘજી ગોસર | બાયઠ - ઘાટકોપર |

# શ્રી કચ્છી દશા ઓશવાલ જૈન જ્ઞાતિ મહાજન, મુંબઈ આયોજીત ૭૯મા સમૂહ લગ્ન મહોત્સવ તા. ૨૭-૦૧-૨૦૧૯, રવિવાર

શ્રી ક.દ.ઓ.જૈન જ્ઞાતિ મહાજન, મુંબઇ દ્વારા આયોજિત ૭૯ મા સમૂહ લગ્નના પ્રારંભે માંગલિક કાર્ય શ્રી પાર્શ્વનાથ પંચ કલ્યાણક પૂજા શ્રી અનંતનાથજી કોમ્પ્લેક્સ, કાંજૂરમાર્ગ મધ્યે શ્રી વિમલનાથ દાદાને દરબારે શ્રી અનંતનાથ મહિલા મંડળ દ્વારા તા. ૨૫-૧-૧૯ ને શુક્રવારે બપોરે ૩.૦૦ કલાકે ભણાવવામાં આવેલ. સારી સંખ્યામાં બહેનોની હાજરી રહેલ. સમૂહ લગ્ન સમિતિના કન્વીનર અમિતભાઇ મોમાયા, દક્ષાબેન મોતા તથા સમૂહ લગ્ન સમિતિ સભ્યો : મનીષાબેન લાલકા, જિજ્ઞા છેડા, જસમીન સાયલા, વર્ષા લોડાયા તેમજ રમેશ લોડાયાની હાજરી રહેલ. પૂજા બાદ ૧૦ રૂા. ની પ્રભાવના મહાજનશ્રી તરફથી કરાયેલ.

તેમજ તા. ૨૫-૧-૧૯ ના રોજ સવારથી શ્રી અનંતનાથજી કોમ્પ્લેક્સમાં સમૂહ લગ્નમાં જોડાયેલ કન્યાઓને મહેંદી મુકવા માટે આપણીજ જ્ઞાતીની બહેનો : હિરલબેન મિથુન જીવાણી, દર્શનાબેન કિશોર છેડા, અર્ચના વિજય લોડાયા, જસમીન લિતેશ ખોના તથા નિયાણી રીટા દિનેશ સત્રા અને ભાઈ શ્રી ડિમ્પલ મહેન્દ્ર મૈશેરી દ્વારા તેમની કળાની માનદ સેવા દરેક સમૂહ લગ્નની જેમ મળેલ.

શ્રી મુંબઇ મહાજન દ્વારા સર્વે બહેનો તથા ડિમ્પલભાઈની ઉમદા સેવા બદલ ભૂરી ભૂરી અનુમોદના, લગ્ન સમિતીની બહેનો દ્વારા અપાયેલ અમૂલ્ય સમયની સરાહના...

તા. ૨૭-૧-૨૦૧૯ને રવિવારે સવંત ૨૦૭૫ના પોષ વદ ૭ ના શુભ દિને કાંજૂરમાર્ગના આંગણે ૬ (છ) નવયુગલોએ સાંસારિક લગ્નજીવનમાં ૨૧૦૦ થી વધુ જ્ઞાતિજનોના આશીર્વાદથી પદાર્પણ કર્યું.

સવારના શુભ અવસરે, શુભ ચોઘડીએ ૧૧.૦૦ કલાકે શ્રી અનંતનાથજી કોમ્પ્લેક્સ, કાંજૂરમાર્ગના ગેટ ઉપર સ્થાપિત પ્રાતઃસ્મરણીય શેઠ શ્રી નરશી નાથાની છબીને મહાજનશ્રીના પ્રમુખશ્રી કલ્પેશભાઈ મોતા તથા મહાજનશ્રીના અધિકારીઓ દ્વારા હારારોપણ કરવામાં આવેલ.

જ્ઞાતિજનો, મહાજનશ્રીના અધિકારીઓ, દાતાશ્રીઓ, આમંત્રીતો, વ્યવસ્થાપક સમિતિના સભ્યો તથા જાનૈયાઓસહ છ (૬) વરરાજાઓનો વાજતે ગાજતે લગ્નમંડપના માંડવે ૧૧.૩૯ના શુભ મુહુર્તે સામૈયું કરવામાં આવેલ. શ્રી હીરાલાલ લાલજી મારાજ દ્વારા પોખવાના વિધિ વિધાન કરાવવામાં આવ્યા.

બધા નવ યુગલોને વ્યવસ્થા કરાયા મુજબ ચોરી મંડપમાં બિરાજમાન કરવામાં આવ્યા. હસ્તમેળાપનો સમય ૧૨.૩૯નો હોતાં સમયનો સદુપયોગ કરતાં જ્ઞાતિની દીકરીઓ, નિયાણીઓ તથા જખૌના ડિમ્પલભાઈ મૈશેરીની સમૂહ લગ્નમાં જોડાયેલ યુવતીઓને મહેંદી મુકવાની માનદ સેવા છેલ્લા ૪ વર્ષોથી શ્રી મુંબઇ મહાજનને પ્રાપ્ત થતી રહી છે. તથા લગ્નદિવસે કિંજલ બ્યુટી પાર્લર, ઘાટકોપરના કીંજલબેન તથા સહાયકો દ્વારા બધી કન્યાઓને મેઇક અપ સેવા નિઃશુલ્ક ઉપલબ્ધ થતાં સર્વેનું કળા નિપુણતાની અનુમોદના રૂપે સન્માન શ્રી મુંબઇ મહાજનશ્રીની સમૂહ લગ્ન સમિતિની બહેનો દ્વારા કરવામાં આવેલ.

૭૮મા સમૂહ લગ્નમાં પંચવર્ષીય દાતા ઘોષિત થયેલ પરિવારો **માતુશ્રી ચંદનબાઈ ડુંગરશી ધરમશી**, સુથરી, **માતુશ્રી નેણબાઈ હીરજી લોડાયા**, મંજલ-ડોમ્બિવલી હસ્તે અ.સૌ. ગીતા રમેશ લોડાયા તથા **અ.સૌ. દિવ્યાબેન નિલેશ દામજી મોતા**નું અધિકારીઓ તથા સમૂહલગ્નના દાતાઓ દ્વારા બહુમાન કરવામાં આવેલ.

બહુમાન વ્યવસ્થાને વિરામ આપતાં શુભ ઘડી ૧૨.૩૯ના ટકોરે મારાજ દ્વારા મંત્રોચ્ચાર સાથે હસ્તમેળાપની વિધિ કરવામાં આવેલ. જ્ઞાતિ નિયાણી અ.સૌ. ચેતનાબેન હરિયા તથા સાથીઓના સંગીતના સથવારે લગ્નગીતોથી લગ્ન મંડપમાં ઉલ્લાસિત વાતાવરણ નિર્માણ થયું.

''સમય તથા ભરતી'' કોઈની રાહ જોતાં નથી તે સત્ય હકીકતે મારાજ દ્વારા વારાફરતી મંત્રોચ્ચારના ઉચ્ચારણે તેમજ સંગીતકારોના મંગળ ગીતોના નાદે ત્રણ ફેરા લેવાયા બાદ સમુહલગ્નના આધાર સ્તંભ દાતાઓમાં સર્વ પ્રથમ **અ.સૌ. દમયંતિબેન ચાંપશીભાઈ શાહ (લોડાયા)**, સાંધવ-ઘાટકોપર જેમણે અનુદાન ઉપરાંત હીરાના કાનફલની ઉત્કૃષ્ટ પહેરામણી અર્પણ કરી શુભ આશિર્વાદ બક્ષેલ, એમના પરિવારનું મહાજનશ્રીના અધિકારીઓ તથા આમંત્રિતો દ્વારા બહુમાન કરવામાં આવ્યું.

નામને વિશેષ મહત્વ ન આપતાં, શ્રી મુંબઇ મહાજનશ્રીના સમૂહ લગ્નના સુંદર કાર્યને વધાવતાં ત્રણ સદગ્રહસ્થ આધારસ્તંભ દાતાઓને સંગીતના તાલે તથા જ્ઞાતિજનોના તાળીઓના ગડગડાટે અનુમોદના કરવામાં આવી.

**અ.સૌ. માલતીબેન જયંતભાઈ સોની** (જોય હોમ્સ) સુથરી-જુહુ, **માતુશ્રી લક્ષ્મીબાઈ વેલજી લોડાયા**, આરિખાણા-મુલુંડ હસ્તે સોમચંદ વેલજી લોડાયા, **માતુશ્રી વિજયાબેન ડુંગરશી લાપસીયા**, દલતુંગી-મુલુંડ હસ્તે અ.સૌ. પ્રજ્ઞાબેન

## ૭૯મા સમૂહ લગ્ન મહોત્સવ તા. ૨૭-૦૧-૨૦૧૯, રવિવાર

દિલીપ લાપસીયાનું બહુમાન અધિકારીઓ તથા પંચવર્ષીય દાતાશ્રીઓ દ્વારા કરવામાં આવેલ.

સહાયક દાતા **માતુશ્રી ધનબાઈ રાયચંદ કારાણી**, સુથરી-મુલુંડ, **માતુશ્રી દેવકાબાઈ હંસરાજ મોતા પરિવાર**, રાપર ગઢવારી-આદીપુર ના તિલકભાઈ અને **અ.સૌ. પિન્કીબેન કમલેશ ધરમશી**, જસાપર-ભાંડુપનુ બહુમાન કરાયેલ.

સમૂહલગ્નની સરાહના કરતાં સહાયક દાતા તરીકે **માતુશ્રી રાજબાઈ લક્ષ્મીચંદ ધારશી મોતા**, લાખણીયા-વડાલા દ્વારા ફોન દ્વારા માહિતી મળતા એ પરિવારની સંગીતના સથવારે અનુમોદના કરવામાં આવેલ.

આમંત્રણને માન આપી પધારેલ નગરસેવીકા સુવર્ણાના તાઈનું તથા મહાજનશ્રીનું કાર્ય દરેક જ્ઞાતિજનનું હોઈ પોતાનો અમૂલ્ય સમય તેમજ દરેક રીતે સહાયભૂત થનાર શ્રી હિતેન (રાજેન) બી. લોડાયાનું અધિકારીઓ દ્વારા સન્માન કરવામાં આવેલ.

જ્ઞાતિજનોના ઉમદા સાથ સહકારથી ૧૨૪ થી વધુ નામાંકિત કંપનીની વસ્તુઓ, દાગીનાઓ ભેટ રૂપે અપાયેલ. સંપૂર્ણ લગ્નના આયોજનમાં શ્રી અનંતનાથ કોમ્પ્લેક્સના યુવક-યુવતીઓ, અધિકારીઓ, સર્વે રહેવાસીઓનો તથા બે દિવસ માટે ઘર ફાળવવા માટે સર્વ પ્રકારે અભૂતપૂર્વ સાથ સહકાર સાંપડતા શ્રી મુંબઇ મહાજન દ્વારા આયોજિત ૭૯ મો સમૂહલગ્ન સુપેરે સંપન્ન થયો.

અપેક્ષિત સંખ્યા કરતાં જ્ઞાતિજનોની બહોળી સંખ્યાની ઉપસ્થિતિએ કોઈને પણ પ્રતિકૂળતા, અગવડતા, તથા મુશ્કેલી થઈ હોય તો શ્રી મુંબઇ મહાજન વતી ત્રિવિધે ત્રિવિધે મિચ્છમી દુક્કડમ...

ફરી એક વાર ભેટ કાઉન્ટર ઉપર સેવા આપનાર ભાઈઓ નરેન્દ્ર મોતા, દિપક મોતા, હિરાચંદ નાગડા, શ્રી અનંતનાથજી કોમ્પ્લેક્સના જ્ઞાતિજનો, **મહિલા કાર્યકર્તા** જયાબેન સોની, ચેતનાબેન ધરમશી, દીનાબેન સોની, મનાલી નાગડા, જલ્પા મોમાયા, હિના મોમાયા, સુર્યા જે. નાગડા, રૂપા જે. દૌલત, માલતીબેન લોડાયા, મીના મ. લોડાયા, નીતા નાગડા, ભવ્યા લોડાયા, વૈશાલી મોમાયા, નીલિમા લોડાયા, મીનલ ખોના, વર્ષા લોડાયા, રીતા નાગડા, મનીષા ડાઘા, ઝીલ ખોના, લબ્ધી મોતા, ખુશી ખોના, કીંજલ મોમાયા, ઈક્ષા લોડાયા, ક્રિષા લોડાયા, **પુરૂષ કાર્યકર્તા** ખુશાલભાઈ શામજી નાગડા, વીપુલ વાલજી ખોના, જયેશ નાગડા, પિયુષ ડાઘા, તેજસ સોની, કમલેશ દંડ, ભરતભાઈ લાપસિયા, ઉર્વેશ ભરત છેડા, ચીમનભાઈ સોની, વિનય મોમાયા, ભદ્રીકાંત લોડાયા, દેવેન લોડાયા, કુણાલ નાગડા, રીતેશ લોડાયા, રોનક નાગડા, મિત દંડ, કેવલ મોમાયા, મહાજનશ્રી કાર્યાલયના સેવકો, ભલારા કેટરર્સના દીપેશ મોમાયા, ફોટોગ્રાફર નિતીન લોડાયા, સમૂહલગ્ન સમિતિના સર્વે સભ્યોનો હાર્દિક આભાર..... જય જય શ્રી અનંતનાથ

લિ. **સમૂહ લગ્ન સમિતિના કન્વીનરો તથા શ્રી મુંબઇ મહાજનશ્રીના અધિકારીઓ**

KDO અણમોલ જ્ઞાતિ - અનંત ગૌરવ

## શ્રી કચ્છી દશા ઓશવાલ જૈન જ્ઞાતિ મહાજન, મુંબઈ આયોજીત ૭૯મો સમૂહ લગ્ન મહોત્સવ તા. ૨૭-૦૧-૨૦૧૯, રવિવાર

**આપ સૌના સાથ સહકારથી મુંબઇ મહાજનશ્રી દ્વારા આયોજિત સમૂહ લગ્ન સુપેરે સંપન્ન થયું. ફરી એક વાર આપ સૌ દાતાશ્રીઓનો શ્રી ક.દ.ઓ.જૈન જ્ઞાતિ મહાજન આભારી છે.**

### આધાર સ્તંભ દાતાશ્રી

**એક સદ્‌ગૃહસ્થ** • **એક સદ્‌ગૃહસ્થ** • **અ.સૌ. માલતીબેન જયંત સોની (જૉય હોમ્સ)** - (સુથરી - જુહુ) • **માતુશ્રી લક્ષ્મીબાઇ વેલજી વેરશી લોડાયા** (આરીખાણા - મુલુંડ) હસ્તે શ્રી સોમચંદભાઇ લોડાયા • **અ.સૌ. દમયંતીબેન ચાંપશી માણેકજી શાહ (લોડાયા)** - (સાંધવ - ઘાટકોપર) હસ્તે અ.સૌ. જસ્મીની અતુલ શાહ, અ.સૌ. માધવી રાહુલ ખોના, પૌત્રી - ઉર્જા, વિહા, દોહિત્ર - વીર • **માતુશ્રી વિજયાબેન ડુંગરશી શામજી લાપસીયા** (દલતુંગી - મુલુંડ) હસ્તે અ.સૌ. પ્રજ્ઞાબેન દિલીપ લાપસીયા • **એક સદ્‌ગૃહસ્થ**

### સહાયક દાતાશ્રી

**માતુશ્રી ધનબાઇ રાયચંદ રતનશી કારાણી** (સુથરી - મુલુંડ) • **માતુશ્રી દેવકાબાઇ હંસરાજ મોતા** (રાપર - આદીપુર) હસ્તે શ્રીમતી કલ્પનાબેન કાંતિલાલ મોતા • **અ.સૌ. પિંકીબેન કમલેશ ધરમશી પરિવાર** (જશાપર - ભાંડુપ) • **માતુશ્રી રાજબાઇ લક્ષ્મીચંદ મોતા** (લાખણીયા - વડાલા)





॥ જય શ્રી અંબાઈ મા ॥

# શ્રી ક.દ.ઓ. જૈન મોતા પરિવાર અંબામા ટ્રસ્ટ, તેરા

(ટ્રસ્ટ રજી નં. એ. ૧૮૨૭/કચ્છ)

અંબામા મંદિર, પટેલ ફળિયો, તેરા (તા. અબડાસા, કચ્છ) - ૩૭૦ ૬૬૦. ફોન : ૦૨૮૩૧-૨૮૯૨૫૧

**મુંબઈ ઓફીસ :** શ્રી લક્ષ્મીચંદ ધારશી મોતા, કલકતાવાલા બીલ્ડીંગ, રજે માળે, ૧૩૭, સેમ્યુઅલ સ્ટ્રીટ, મુંબઈ-૪૦૦ ૦૦૯.

## ક.દ.ઓ. મોતા પરિવારના ભાવિકો જોગ

આપણા કુળદેવી મા અંબાઈમાની સમૂહ પહેડી હમેશ મુજબ ગુડીપડવાના શુભ દિવસે શનીવાર તા. ૬-૪-૨૦૧૯ના સવારના ૯.૦૦ કલાકેથી ભાંડુપ, મુંબઈ મધ્યે જૈનમ A/c હોલમાં ભોંયતળીયે યોજાશે.

**સૌ ભાવિકોને સમયસર પધારી કુળદેવી અંબાઈમાની આરાધના/અર્ચનામાં જોડાવા વિનંતી છે.**

સરસ્વતી સન્માન માટે વર્ષ ૨૦૧૭-૧૮ શૈક્ષણિક વર્ષમાં SSC તથા HSC (પ્રથમ બે) એવં ગ્રેજ્યુએટ કે તેની સમકક્ષ કે ઉપરની પરીક્ષા પસાર કરેલ મોતા પરિવારના યુવક/યુવતીઓએ તા. ૨૦-૦૩-૨૦૧૯ સુધી પોતાની માર્ક લિસ્ટની નકલ પોસ્ટથી (કે **tanmantour@gmail.com** પર ઇ-મેલથી) **TAN-MAN TOURS & TRAVELS,** A-19-20, Monani Sadan, (Bhujbal Niwas) 169/70, J.N. Road, Mulund (West), Mumbai - 400 080. સરનામે મોકલી આપવા વિનંતી છે.

-: સમૂહ પહેડીના લાભાર્થી પરિવાર :-

**માતુશ્રી મણીબાઇ નવીન દામજી મોતા પરિવાર** - હસ્તે ઉલ્લાસભાઇ નવીન મોતા (રાયધણજર - મુલુંડ)

માતાજીની સમૂહ પહેડીમાં કાળા કપડા પહેરવા નહિં અને યોગ્ય વસ્ત્ર પરિધાન કરવા.

લિ. ક.દ.ઓ મોતા પરિવાર અંબામા ટ્રસ્ટ, તેરા
ટ્રસ્ટીઓ


*With Best Compliments from*

**BLUE MOON GROUP**

REAL ESTATE CONSULTANTS | INVESTMENT CONSULTANTS | INTERIOR DESIGN | TAX ADVISORS | ACCOUNTING SERVICES

TILAK SHAH

**PARSHWANATH**
ENTERPRISE PVT. LTD.

**99309 82061 / 91672 44022**

tilakshah60@yahoo.co.in

Veeran Shah - 99304 75442



CONTACT FOR
**Buying, Selling or on Leave & Licence of Flats, Shops, Bunglows, Plots etc. anywhere in Mumbai including Sion, Matunga, Wadala, Dadar, Mulund & Thane.**

AVANI YASHWIN

**HAPPY IN THE HEAD STUDIO**
HAIR CUTS • COLOUR • STYLING • MAKE UP

**98196 22325**

happyintheheadstudio@gmail.com



ADDRESS
**Shop No. 1, B Wing, Mangal Kunj Bldg., Junction of 32 and 36 Road, National College Lane, Off Linking Road, Bandra (W), Mumbai - 400 050**

# ઓસવાલોની ઉત્પતિ - ૧૧

**રમેશ મુલજી લોડાયા**, ભરૂડિયા-મુલુંડ, **મો. 9820336767**

(આ પહેલાં, જ્ઞાતિની વિવિધ અટક-નુખની ઉત્પતિ અંગે ખૂબ જ જહેમત અને ચીવટથી ઊંડાણપૂર્વક સંશોધન કરીને તે વિષે રમેશભાઇ દ્વારા એક સમૃધ્ધ લેખશ્રેણી 'પ્રકાશ-સમીક્ષા'માં પ્રગટ થઇ ગઇ છે. હવે તેઓ આપણી જ્ઞાતિની પરાપૂર્વ સમયની ઓશવાલ તરિકેની મૂળ ઓળખ કે જાતિના ઉદ્‌ભવ સંદર્ભે જે અનેકવિધ તર્ક-અનુમાન પ્રસારિત કે પ્રચલિત થયા છે તેને પણ પોતાની આગવી સંશોધાત્મક દ્રષ્ટિથી અવલોકીને એક વિશેષ શ્રેણી આપી રહ્યા છે.)

ઓસવાલોની ઉત્પતિના સમયકાળ અંગે ત્રણ મતો પ્રર્વતે છે.

૧) પ્રથમ મત જૈનાચાર્યો, પંડિતો તથા વિદ્વાનો : એમના મત પ્રમાણે વીર નિર્વાણ થી (વિક્રમ સંવત થી ૪૦૦ વર્ષ પહેલા) ઓસવાલોની ઉત્પતિ ઓસીયા નગરમાં આ. રત્નપ્રભસૂરિ દ્વારા ક્ષત્રિયોને જૈન ધર્મી બનાવી થઈ છે. એ વખતે આ વંશનુ નામ મહાજન વંશ અને પાછળથી ઉકેશવંશ થયું અને ઓસીયા તે કાળે ઉકેશપુર કે ઉપકેશનગર તરીકે ઓળખાતું.

૨) ભાટ, ચારણ સેવકોનો મત : ભાટ, ચારણો ઓસવાલોની ઉત્પતિ બીંયા બાવીએ (સંવત ૨૨૨)ની ગણે છે. આ કયો સંવંત છે તેનો ઉલ્લેખ કોઈપણ વહી કે કવિતામાં મળતો નથી. તેઓ પણ ભિન્નમાલના રાજકુમાર ઉપ્પલદેવ દ્વારા ઓસીયા નગરની સ્થાપના અને ત્યાર બાદ રત્નપ્રભસૂરિ દ્વારા જૈન થયા અને ઓસવાલ તરીકે ઓળખાયા તેને માન્ય રાખે છે.

૩) ત્રીજો મત આધુનિક ઈતિહાસકારોના : જેમના મતે વિક્રમ સં. ૯૦૦ પહેલા ઓસીયા નગરીનું અસ્તિત્વ ન હતું. ત્યાર બાદ રાજપુત્ર ઉપલદેવે મંડોરનાં પડિહાર રાજા પાસે આશરો લીધો અને રાજવીની સહાયથી નષ્ટ થયેલ મેલપુર પટ્ટણ નગરની જગ્યાએ નવું શહેર ઓસીયા વસાવ્યું અને ત્યાર બાદ થોડા વરસે આચાર્ય રત્નપ્રભસૂરિ ત્યાં આવ્યા અને ક્ષત્રિયોને પ્રતિબોધી જૈન બનાવ્યા અને ઓસવંશની સ્થાપના કરી.

ઉપરોક્ત મતોમાંથી પ્રથમ અને બીજા મત અંગે અગાઉના અંકોમાં જોયું. ઉત્પતિ કથામાં થોડી દંતકથા, અતિશયોક્તિ અને ચમત્કારો છે. અતિશયોક્તિમય લાગતી આ કથાને વિચાર સ્વાતંત્ર્યનાં યુગમાં બુધ્ધશાળી લોકોને સ્વીકાર્ય નથી. વૈજ્ઞાનિક અને તાર્કિક આધાર પર આ વાત સાચી પ્રમાણિત થઈ શકતી નથી. આધુનિક ઈતિહાસવેત્તા માને છે કે વધુને વધુ પ્રાચિનતા સિધ્ધ કરવાનાં લોભમાં કોઈ લોકોએ પોતાનાં ગચ્છ અને પોતપોતાના આચાર્યોની પ્રતિષ્ઠા વધારવા આ પ્રમાણો પર પક્ષપાત કર્યો છે તેમાં અસલીયત શોધવી મુશ્કેલ છે. તેઓ ઐતિહાસિક સામગ્રી દ્વારા સ્થાપિત કરે છે કે ઓસીયા સ્થાપક ઉપલદેવ પરમાર વંશીય હતો અને ભિન્નમાલનો હોય તો વિ. સં. ૧૧૦૦ બાદ ભિન્નમાલ રાજ્ય થયું અને રાજકુમાર ઉપલદેવ પરમાર ભિન્નમાલથી આવ્યો. અને ઓસીયા વસાવ્યું હોય તો આ સમય વિ. સં. ૧૧૦૦ બાદનો ગણાય.

પુરનચંદ નાહરના મતે આબુ પરમારોનું જન્મ સ્થાન છે. ધંધુક રાજવીની વંશાવલીમાં આ રાજવીથી પાંચમી પેઢીએ ઉપ્પલરાજનું નામ આવે છે અને તેણે ઓસીયા વસાવ્યું હશે. વિક્રમ સંવત ૫૧૦ (વીર નિર્વાણ થી ૯૮૦ વરસે)માં દેવદ્ધિગણી ક્ષમાશ્રમણે જૈન આગમોને પુસ્તકારૂઢ કર્યા ત્યારે કલ્પસુત્ર કે સ્થવિરાવલી આદિ ગ્રંથોમાં ઉપકેશગચ્છ કે ઉપકેશવંશનો કોઈ ઉલ્લેખ નથી. જો ઓસવાલ/ઉપકેશવંશ વિરાત્ ૭૦ વરસે કે સંવંત ૨૨૨માં હોય તો કોઈક ગ્રંથમાં આ ગચ્છ કે વંશનો ઉલ્લેખ અવશ્ય હોવો જોઈએ પરંતુ ક્યાંય ઉલ્લેખ ન હોવાથી ઓસવાલોની ઉત્પતિ વિક્રમની પાંચમી સદી બાદ થઈ હશે.

મુણોત નેણસીની પ્રખ્યાત (વહી)માં ઉપલદેવનો કોઈ સંવંત બતાવેલ નથી પણ રાજા ભોજની ૭મી પેઢીએ વંશજ બતાવ્યો છે વળી ઉપલદેવ મંડોવરમાં પડિહાર રાજા પાસે આશ્રય લીધો તો પડિહાર વંશની ઉત્પતિ વિક્રમની ૭મી સદીમાં થઈ છે.

સુખસંપતરાય ભંડારીના મતે ઓસીયા નગરીનો સ્થાપક ઉપલદેવ પરમાર હતો અને મારવાડમાં વિક્રમની ૧૧મી સદી પહેલા ક્યાંય પરમારો ન હતા. કોઈ શિલાલેખોમાં ઉલ્લેખ નથી. પરમારોના ઉત્પતિ સ્થાન આબુ છે અને પરમારોની વંશાવલીમાં ઉત્પલદેવ પરમારનું નામ વિ. સં. ૯૫૦ આસપાસ મળે છે તેથી ઓસીયા નગરની સ્થાપના અને ઓસવાલોની ઉત્પતિ વિક્રમની ૧૦મી કે ૧૧મી સદીમાં થયા હશે. ઓસીયા મંદિરનો શિલાલેખ વિક્રમ સંવંત ૧૦૧૩નો છે અને ઓસવાલોની ઉત્પતિ અને મહાવીર મંદિર નિર્માણ એક જ અરસામાં છે તેથી ઓસવાલોનું ઉગમ વિક્રમની ૧૦મી કે ૧૧મી સદીનું ગણાય. આવી જાતિનું જ્યારે સંવત ૨૨૨માં દુનિયામાં અસ્તિત્વ જ નહતું તો વિ. સં. ૨૨૨ કે વિરાત્ ૭૦ વરસે ઉત્પતિનો સવાલ જ નથી આવતો.

અગરચંદ તેમજ ભંવરલાલ નાહટા ઓસવાલોની ઉત્પતિ ૮મી સદી પછી માને છે. સોહનલાલજી ભણશાલીના મતે ઉત્પલદેવ પરમાર જેમણે ઓસીયા વસાવ્યું તેનો સમય વિક્રમની ૯મી કે ૧૦મી સદીનો હોઈ શકે છે. વળી ઓસીયામાં ખોદકામ કરતાં મળેલ મુદ્રા, તામ્રપત્ર, મૂર્તિ કોઈ ૮મી સદીથી પહેલાની નથી તેમજ ઉપકેશગચ્છનાં કોઈપણ શિલાલેખો ૧૨મી સદી પહેલાના નથી તેથી ઓસવાલો ૮મી સદી પછી થયા હશે. હરિભદ્રસૂરિએ 'સમરાઈચ્ચ કહા' ગ્રંથ લખ્યો જેમાં

॥ શ્રી શત્રુંજયમંડન આદિનાથાય નમઃ ॥
॥ શ્રી જીત-હીર-બુદ્ધિ-તિલક-શાન્તિચન્દ્ર-કનકપ્રભ-સોમચન્દ્રસૂરિ-સદ્‌ગુરૂભ્યો નમઃ ॥
॥ શ્રી આત્મ-કમલ-વીર-દાન-પ્રેમ-રામચન્દ્રસૂરિ-સદ્‌ગુરૂભ્યો નમઃ ॥

# સદીઓના ઈતિહાસમાં સૌ પ્રથમવાર મુંબઈની ધરાપર એક સાથે ૪૩-૪૩ દીક્ષાના

## મંડણ સ્વરૂપ આધ્યાત્મિક લગ્નોત્સવે




પાવન પ્રવ્રજ્યાના અવસરે નોતરતું

# નિમંત્રણ

## આધ્યાત્મિક લગ્નોત્સવ અંતર્ગતનો કાર્યક્રમ

### પ્રથમ દિવસ
**વિ.સં. ૨૦૭૫, ફા.સુ.૩, શનિવાર, તા. ૯-૩-૨૦૧૯**

સવારે સૂર્યોદય પૂર્વે : પરમાત્મા, પૂજ્યો અને મુમુક્ષુઓનો પ્રવેશ તથા પ્રાસંગિક પ્રવચન
સવારે ૧૦ કલાકે : અવર્ણનીય અદ્વિતીય અતિભવ્ય સ્નાત્ર મહોત્સવ
સંગીતજ્ઞ : શ્રી કૌશિકભાઇ બારોટ, શ્રી રજનીભાઇ સંઘવી
બપોરે ૨ કલાકે : વસ્ત્રરંગ વધામણા અને રત્નકુક્ષી માતા-પિતાનું બહુમાન
સંગીતજ્ઞ : શ્રી ભાવિકભાઇ શાહ
સાંજે ૬ કલાકે : સંધ્યાભક્તિ
સંગીતજ્ઞ : શ્રી સનીભાઇ શાહ
સાંજે ૭ કલાકે : વાંદોલી (વરઘોડી)
સંગીતજ્ઞ : શ્રી કૌશિકભાઇ બારોટ, શ્રી શ્રીપાલભાઇ કોઠારી

### દ્વિતીય દિવસ
**વિ.સં. ૨૦૭૫, ફા.સુ.૪, રવિવાર, તા. ૧૦-૩-૨૦૧૯**

સવારે ૯ કલાકે : પ.પૂ.આ.ભ. જીનચન્દ્રસૂરીશ્વરજી મહારાજાના ૫૩મા દીક્ષાદિવસ નિમિત્તે 'ગુરુગુણગાથા'
સંગીતજ્ઞ : શ્રી પ્રશાંતભાઇ શાહ (ડીકુભાઇ)
બપોરે ૨ કલાકે : 'બાલવીર જૈનમ્' બાળકો માટે જીવંત દ્રશ્યાવલી
સાંજે ૬ કલાકે : અંતરને અજવાળતી અદ્‌ભૂત આરતી
સંગીતજ્ઞ : શ્રી કૌશિકભાઇ બારોટ, શ્રી સનીભાઇ શાહ
સાંજે ૭ કલાકે : જીવંત દશ્યાવલી

### તૃતીય દિવસ
**વિ.સં. ૨૦૭૫, ફા.સુ.૫, સોમવાર, તા. ૧૧-૩-૨૦૧૯**

સવારે ૭ કલાકે : છાબ ભરવાનો કાર્યક્રમ
સંગીતજ્ઞ : શ્રી કૌશિકભાઇ બારોટ
સવારે ૯ કલાકે : ઉપકરણોની ઉછામણી + વિદાયતિલકના ચડાવા
સંગીતજ્ઞ : શ્રી કૌશિકભાઇ બારોટ
બપોરે ૨ કલાકે : ભક્તિની ચરમસીમાએ લઇ જતી અષ્ટપ્રકારી પૂજા
સંગીતજ્ઞ : શ્રી હિમાશુંભાઇ
સાંજે ૬ કલાકે : સૂફી સંગીત સહ સંધ્યાભક્તિ
સંગીતજ્ઞ : શ્રી સોનિકભાઈ સુથાર
સાંજે ૭ થી ૧૦ ક. : મુમુક્ષુઓનો જાજરમાન વિદાય સમારંભ - ૧
સંગીતજ્ઞ : શ્રી વિરલભાઇ સુરાના

### ચતુર્થ દિવસ
**વિ.સં. ૨૦૭૫, ફા.સુ.૬, મંગળવાર, તા. ૧૨-૩-૨૦૧૯**

સવારે ૯ કલાકે : શાહી વર્ષીદાન યાત્રા
સવારે ૧૧.૩૦ કલાકે : સકલ શ્રી સંઘની સાધર્મિક ભક્તિ
બપોરે ૪ કલાકે : વિવિધ વાજિંત્રોના નાદે મુમુક્ષુઓના અંતિમ વાયણા
સાંજે ૬ કલાકે : વીતરાગના વિરાટ વૈભવની ઝાંખી કરાવતી અજોડ મહાપૂજા તથા વિશિષ્ટ વાદ્યકારો દ્વારા એક અજાયબીરૂપ પ્રસ્તુતિ - 'કેરાલા બાંબુ'
સાંજે ૭ થી ૧૦ ક. : મુમુક્ષુઓનો જાજરમાન વિદાય સમારંભ - ૨
સંગીતજ્ઞ : શ્રી ઋષભ - સંભવ

**સંપૂર્ણ મહોત્સવ દરમ્યાન આમંત્રિત મહેમાનોએ ત્રણેય ટાઇમની સાધર્મિક ભક્તિનો લાભ આપવા વિનંતી**

### પંચમ દિવસ
**વિ.સં. ૨૦૭૫, ફા.સુ.૭, બુધવાર, તા. ૧૩-૩-૨૦૧૯**

સવારે ૫.૨૨ કલાકે : મુમુક્ષુઓના મંડપ પ્રવેશ
સવારે ૭.૪૮ કલાકે : રજોહરણ પ્રદાન
સંગીતજ્ઞ : શ્રી બલરાજ શાસ્ત્રી
શ્રી કૌશિકભાઇ બારોટ, શ્રી સનીભાઇ શાહ
બપોરે ૮ કલાકે : સકલ શ્રી સંઘની નવકારશી
સવારે ૧૧.૩૦ ક. : સકલ શ્રી સંઘની સાધર્મિક ભક્તિ

**-: મહોત્સવ સ્થળ :-**
પ્રવ્રજ્યા પાણિગ્રહણવાટિકા
ચીકુવાડી ગ્રાઉન્ડ, પ્રમોદ મહાજન સ્પોર્ટસ ક્લબની બાજુમાં,
લિંક રોડ, બોરીવલી (વેસ્ટ),
મુંબઇ.

**-: નિમંત્રક :-**



**અધ્યાત્મ પરિવાર વતી**



**માતુશ્રી તારાબાઈ માણેકજી મોતા પરિવાર (કચ્છ-રાપર ગઢવારી)**
**હસ્તે : અ.સૌ. નિશાબેન હિતેશભાઈ મોતા**

ઓસવાલોનો ઉલ્લેખ છે. આ ગ્રંથનો સમય વિક્રમની ૮મી સદીનો છે તેથી ઓસવાલોની ઉત્પતિ અંગે ૮મી સદી સુધી જઈ શકાય છે.

મહાજન વંશ કેટલાક વરસો બાદ ઉપકેશવંશ તરીકે ઓળખાયો અને ત્યારબાદ કાળાંતરે તેનું નામ ઓસવાલ થયું. આ મૂળ નામનાં પણ ૯મી સદી પહેલાના કોઈ પ્રમાણ મળતા નથી. ભાટ-ભોજકોના પ્રાચીન કવિતા મળ્યા છે જેમાં વિ. સં. ૨૨૨ બીંયા બાવીસે મળે છે પરંતુ અર્વાચીન ઈતિહાસવેતા અને પુરાતત્વેતા આ કવિતાને લખાણ પરથી ૨૦૦-૩૦૦ વરસથી વધુ પ્રાચીન ગણતા નથી તેથી વિ. સં. ૨૨૨ને માન્ય રાખતા નથી.

પુરાતત્ત્વવેતાઓ સેંકડો વરસોથી સતત સંશોધન કરી રહ્યા હોવા છતાં ભારતના ઈતિહાસની ઘણી સામગ્રી અંધકારમય છે. તેવું જ ઓસવાલોના ઈતિહાસ બાબત છે. મહાનજાતિ ઓસવાલ મધ્યકાલિન યુગમાં રાજપૂતાનાં ઈતિહાસમાં ખૂબ જ અગ્ર હોવા છતાં આ જાતિ ક્યારે, કેવી રીતે અને ક્યા ઉત્પન્ન થઈ આ પ્રશ્ને ઈતિહાસવેત્તા અને પુરાતત્ત્વવેતા મૌન છે કારણ કોઈ મજબૂત આધાર, સંતોષજનક પ્રમાણ કે વિશ્વાસનીય લેખ પ્રાપ્ત તથા નથી.

તેથી કોઈ ઈતિહાસકાર ઓસવાલ જાતિ અંગે કોઈ નિષ્કર્ષ પર આવતા નથી અને તેથી વધુમાં વધુ માહિતી વાંચક વર્ગ સમક્ષ મુકી વાંચક ઉપર નિર્ણય લેવાનું છોડી દે છે.

ઉપરોક્ત ત્રણે મતોમાંથી વધારેમાં વધારે માહિતી આચાર્યો / મુનિશ્રીના ગ્રંથો /લેખોમાંથી ઓસવાલોની ઉત્પતિ વિર નિર્વાણથી ૭૦ વરસે થઈ તે મતને પુષ્ટી મળે છે. આ મતનાં સમર્થનમાં જૈન મુનિ જ્ઞાનસુંદરજીએ કેટલીય દલીલો અને પ્રમાણો દ્વારા 'જૈન જાતિ મહોદય' નામનાં ગ્રંથમાં ઓસવાલોની પ્રાચિનતા સિધ્ધ કરવાનો પ્રયાસ કર્યો છે. તેમની તર્કબધ્ધ દલીલો નીચે મુજબ છે.

૧) ગ્રંથ યા શિલાલેખોમાં ઉલ્લેખ ન હોવાના આધારે આ ગચ્છ આ જાતિના અસ્તિત્વને ન સ્વીકારવું ઉચિત નથી. ઈતિહાસ એ જનમાનસમાં નિરંતર પરંપરાગત ચાલતો સંવાદ છે જેમાં જનશ્રુતિ, લોકોક્તિ, સાહિત્ય, ગીતો, ધર્મગ્રંથ, સિક્કા વિગેરે પણ આવી જાય છે. પટ્ટાવલીઓ, વંશાવલીઓ હમેંશા નિરાધાર નથી હોતી. તેમાં પણ ઐતિહાસિક દૃષ્ટિએ ઘણું તથ્ય રહેલ હોય છે. તેમાં તૃટીઓ હશે, ક્યાંક અતિશયોક્તિ કે વધારે પ્રસંશા હશે પરંતુ આવી ખામીઓથી તેનો અનાદર ન થઈ શકે. કારણ તેમ કરીએ તો તેમાંની માહિતી અન્યત્ર શોધ કરીએ તો પણ નહીં મળે. સંશોધનની સરાણ પર તેને ચઢાવી ચકાસવી જોઈએ. ઈતિહાસનો મસાલો પટ્ટાવલીઓ / વંશાવલીઓમાં છે તેટલો અન્યત્ર નથી.

૨) પહેલા લોકો જ્ઞાનને કંઠસ્થ રાખતા અને ગુરૂ પરંપરાયે સેંકડો વરસો સુધી એ જ રીતે ચાલ્યું આવતું. ભગવાન મહાવીરનાં નિર્વાણથી ૯૮૦ વરસે ગ્રંથસ્થ થયું તેથી આ વાતને ત્યાર પછીની કેમ કહી શકાય. ગ્રંથો/પટ્ટાવલીઓ પર વિશ્વાસ કરવો રહ્યો જેમ આપણાં પરદાદા, પ્રપિતામહનું કોઈ પ્રમાણ ન હોવા છતાં વડિલોના મુખે કહેવાયેલું માન્ય રાખીએ છીએ તેવું છે. કાંઈ મન પડે તેવા નામો થોડા ઉતારે, વળી પટ્ટાવલીઓ તો ગુરૂ પરંપરાના જ્ઞાનથી લખાયેલી છે તેથી સંદેહ કરવાનું કોઈ કારણ નથી. પટ્ટાવલીઓ લખનારા ત્યાગી મહાત્માઓને અસત્ય લખવાનું કોઈ કારણ ન હતું. તેથી તે સત્ય જ છે અને આપણે વંશાવલી / પટ્ટાવલીઓને માન્ય ન રાખીએ તો આપણી પાસે અન્ય સાધન જ ક્યાં છે?

૩) વિક્રમની ૧૦મી સદીનો ઈતિહાસ એટલો અંધારામાં નથી. એ સમયનું ઘણું સાહિત્ય પ્રાપ્ત છે. જો ઓસવાલોની ઉત્પતિ ૧૦મી સદી આસપાસ થઈ હોત તો તત્કાલીન સાહિત્યમાં આવી મોટી ઘટનાનું વર્ણન અવશ્ય હોત, કારણ એ કાળની સામાન્ય ઘટનાઓ નોંધાઈ છે તો જ્યાં એક સાથે લાખો મનુષ્યો ધર્મ પરિવર્તન કરે તેની નોંધ ન હોય તે માની ન શકાય. આવી નોંધ લેવાઈ નથી કારણ કે આ ઘટના તેનાથી સેંકડો વરસો પહેલા બનેલી છે.

૪) પ્રથમ તિર્થંકર ભગવાનના સમયથી ૧૮ લિપિઓ મોજુદ હતી, ઈશુની ૪થી સદી પહેલા સિકંદરે આક્રમણ કર્યું ત્યારે ભારતવાસીઓ કાગળ બનાવવાનુ જ્ઞાન ધરાવતા હતા પરંતુ કાગળનો ગ્રંથ ૧૧મી ૧૨મી સદી પહેલાનો મળતો નથી. તો શું અર્થઘટન કરવું. એ વખતે ગ્રંથ લેખનની પરંપરા ન હતી કે બધા ગ્રંથો કાળનાં ગર્ભમાં સમાઈ ગયા. વિધર્મીઓએ અનેક ગ્રંથો સળગાવી નષ્ટ કર્યા, બચેલું સાહિત્ય ભંડારો (ભોંયરા)માં નષ્ટ ન થાય તે માટે મુકેલું પરંતુ આવા અમુલ્ય ગ્રંથો કીડાના શિકાર બન્યા, અનેક ગ્રંથો વિદેશીઓ લઈ ગયા, બહુ થોડું બચ્યુ છે તે મળતું નથી કે જેનાથી વિદ્વાનો ઈતિહાસ પર પ્રકાશ પાડી શકે. તેથી પુરાણ ગ્રંથો ન હોવાથી ઓસવાલની ઉત્પતિને અવગણી ન શકાય.

૫) આ સમયની માન્યતા અંગે એક મુદો છે કે ઉત્પલદેવ પરમાર વંશનો હતો અને પરમાર વંશની ઉત્પતિ વિક્રમની ૭મી સદી પછીની છે. તેથી ઈતિહાસકારો ઓસવાલોની ઉત્પતિની પ્રાચીનતા ઓછી ગણ છે. પરંતુ પ્રાચિન ગ્રંથો કે ઉપકેશગચ્છીય પદાવલીઓ, ઉપકેશગચ્છ ચરિત્ર કે નાભિનંદન જિર્ણોદ્ધાર જે વિક્રમની ૧૪મી સદીમાં લખાયો તેમાં ક્યાં પણ ઉત્પલદેવને ભ્રમથી કે ભાટ ભોજકોના કવિતોના આધારે ઉત્પલદેવને પરમાર જાતિનો માની પરમાર વંશની ઉત્પતિ અને મારવાડમાં તેમના શાસનકાળને સાંકળી ઓસવાલોની ઉત્પતિને વિક્રમની ૧૦મી સદીની આસપાસ સ્વીકારી છે. વાસ્તવમાં ભાટ-ભાજકોના કવિતો - દંતકથા સિવાય અન્ય કોઈ પ્રાચિન ગ્રંથમાં ઉત્પલદેવને પરમાર-વંશીય દર્શાવ્યો નથી.

- ક્રમશઃ

# ભાવભરી શ્રદ્ધાંજલિ



**શ્રી નવીનચંદ ઠાકરશી રામૈયા ધરમશી**

*(વડોદરા, સુથરી)* *સ્વ. તા. ૨૮.૧.૨૦૧૯*

**" ભાછા ..... હીં હથતાડ઼ી દઈ હલ્યો વેનાંજે ?"**

*ખિરેન્દ્ર ગોવિંદજી લોડાયા પરિવાર*

*શાંતિલાલ કલ્યાણજી લોડાયા*

*જયંત વેલજી પટેલ*

*કેશરસિંહ નવીનચંદ્ર ધરમશી પરિવાર*

*ધનપાલ ઠાકરશી દંડ*

*ચંદ્રકાન્ત હીરજી ખોના*

*પ્રવિણ ભારમલ લોડાયા પરિવાર*

*પ્રફૂલ્લ શામજી લોડાયા*

*રાજેશ રામજી નાગડા*

*શાંતીલાલ શામજી ગાલા*

## ભગવાન મહાવીર - દુનિયાના મહાન અર્થશાસ્ત્રી - **પ્રવીણ લોડાયા** (વડોદરા)

તિલકભાઈ વોટસ્એપ પ્રકાશ-સમીક્ષામાં જ્ઞાતિમાં છુપાયેલા અનેક રત્નોની આપણને ઓળખ કરાવે છે. મને પણ હવે રત્નોની શોધ કરવાનો ચસ્કો લાગ્યો છે. વડોદરામાં વસતા સુથરીના સૌ. રેખાબેન જયંત વેલજી પટેલ (ધરમશી) ફક્ત એસ.એસ.સી. ભણેલા છે. પણ તેમને વાચનનો અતિશય શોખ છે. તેઓ નવી નવી સાડીઓ કે દાગીના લેવામાં નથી માનતા પણ વાંચન પાછળ પૈસા ખર્ચ કરે છે.

તેમને ત્યાં મેં જોયું કે દરરોજ મુંબઈ સમાચાર, ગુજરાત સમાચાર, દિવ્ય ભાસ્કર જેવા ન્યુઝ પેપર તેમજ સાપ્તાહિકોમાં ચિત્રલેખા અને અભિયાન, અખંડ આનંદ અને નવનીત સમર્પણ વિગેરે નિયમિત આવે છે. તેમાંથી સારા સારા આધ્યાત્મિક લેખો અને ચિંતનાત્મક લેખોનું કટીંગ કરીને ફાઈલ બનાવે છે. જેને તેઓ જીવની જેમ સાચવે છે. અમુલ્ય દસ્તાવેજ હોય તેવી જાળવણી કરે છે. તેમનાં સંગ્રહમાંથી એક રોહિતભાઈ શાહનો લેખ મનન કરવા યોગ્ય લાગ્યો તે આપની સમક્ષ રજુ કરું છું. હજી તો ઘણા સારા વિચારો છે જે સમયાંતરે પ્રગટ થશે.

લક્ષ્મી અને લોહી વહેતાં રહેવાં જોઈએ. શરીરમાં લોહી નોનસ્ટોપ વહેતું રહે છે, આપણે ગાઢ નિદ્રામાં હોઈએ ત્યારે પણ. જો શરીરમાં લોહી થીજી જાય - એનું વહન અટકી જાય તો આપણે જીવી ન શકીએ. એ જ રીતે લક્ષ્મી (પૈસા, ધન કે સંપત્તિ) પણ જો સ્થિર થઈ જાય અર્થતંત્ર વ્યર્થ તંત્ર બની જાય.

આપણાં નાણાપ્રધાન દર વર્ષે વાહિયાત બજેટ બનાવતા રહે છે. કહેવાતા અર્થશાસ્ત્રીઓ બે દિવસ સુધી વિવિધ ચેનલો ઉપર નવા રજૂ થયેલા બજેટના કાન આમળતા રહે છે. મોંઘવારી વધવાનો ભય આપણે માત્ર બે દિવસમાં જ ભૂલી જઈએ છીએ. આપણી ધરેડ આપણને કોઠે પડી ગઈ છે.

આપણે ભારતીયો સંગ્રહખોરો છીએ. પૈસા વાપરવા માટે નહીં, પણ સંગ્રહ કરવા માટે છે એવા વૈચારિક સંસ્કાર આપણા લોહીમાં ભળી ગયેલા છે. ઘડપણ માટે બચત કરવાનો આપણો ઉત્સાહ હંમેશાં ગરમાગરમ જ રહે છે. પાછલી વયે ઓશિયાળા ન બનવું પડે એ સારી વાત છે, શું અભિશાપ નથી?

એવાં વડીલો પણ જોવા મળે છે કે પોતાની દીકરીના સંતાનના લગ્ન વખતે તેનું મામેરું કરવામાં પોતાના પુત્રને કશી કઠીનાઈ ન વેઠવી પડે એ માટે ફિક્સ ડિપોઝીટ કરાવી રાખે છે, બોલો !

આફ્રિકા- અમેરિકાના લોકો ઉડાઉ છે એવું આપણે માનીએ છીએ, કારણ કે એ દેશોની પ્રજા ગરીબ હોય તોય મોજથી પૈસા ઉડાડે છે.

કોઈ સ્ત્રી પ્રેગ્નન્ટ થાય તો ત્રીજા મહિને, પાંચમાં મહિને, સાતમા મહિને અને નવમા મહિને નવાં કપડાં - નવા ડ્રેસ સીવડાવે છે. ફૂલતા જતા પેટ મુજબ ખુલ્લા ડ્રેસ પહેરવા જોઈએ એવું એ માને છે જ્યારે આપણે? પૂછી જોજો તમારી મમ્મીને કે દાદીને.

સોનું કે ચાંદી મોંઘા થવાના હોય એવા સહેજ પણ અણસાર આવી જાય એટલે આપણે લગડીઓ ખરીદી લાવીએ છીએ અને પછી બેન્કના લોકરમાં મૂકી રાખીએ છીએ. આ ડેડ ઈન્વેસ્ટમેન્ટ ના કહેવાય ? મને ખબર નથી.

રૂપિયો જ્યારે સ્વરૂપ બદલીને લોકરમા સ્થિર થઈ જાય પછી એ શા કામનો? બજારમાં તેજી આવે તોય આપણે કશું વેચવા તૈયાર થતા નથી, વધારે તેજીની પ્રતિક્ષામાં બધું પકડી રાખીએ છીએ. આવી સ્થિતિમાં અછત, મોંઘવારી અને ભ્રષ્ટાચાર ન વધે તો જ નવાઈ.

**ભગવાન મહાવીર જેવો કોઈ અર્થશાસ્ત્રી હજી સુધી પેદા થયો નથી.**

અર્થશાસ્ત્રના સઘળા સિદ્ધાંતો જેના ખોળામાં બેઠેલા છે તેવો માત્ર એક જ સિદ્ધાંત તેમણે આપ્યો એ સિદ્ધાંતનું નામ છે **અપરિગ્રહ.**

પરિગ્રહ એટલે સંગ્રહ કરવો અને અપરિગ્રહ એટલે સંગ્રહથી દૂર રહેવું. પરિગ્રહ માટે માણસ કેટકેટલાં પાપ કરતો રહે છે! જ્યાં પરિગ્રહ હોય ત્યાં ચોરી, લૂંટ માટે શક્યતાઓ વધી જાય છે. આપણે ખોટો બળાપો કાઢીએ છીએ કે કેવો કળિયુગ આવ્યો છે? મંદિરમાં સંગ્રહ-પરિગ્રહ થાય એ કળિયુગ નથી શું?

જરૂરિયાત કરતાં વધારાની કોઈ ચીજ રાખી મૂકવી એ પરિગ્રહ છે. પરિગ્રહ ગમે તેવા ધરખમ દેશના અર્થતંત્રને ભરખી જાય છે. હવેની નવી જનરેશન પરિગ્રહથી દૂર રહે છે. ઘડપણમાં દવા-દારુ માટે મેડિક્લેમ જેવી યોજનાઓનો લાભ લઈ શકાશે એવી એને ધરપત છે.

''આજનો લહાવો લિજીયે રે કાલ કોણે દીઠી છે'' આવા ભજનો ગાનારા - ગવડાવનારા ભગતડા લોકો આવતી કાલની વાત છોડો, આવતા ભવની બળતરા અનુભવતા રહે છે.

'આજનો લહાવો' શામાં છે એની જેને ગતાગત નથી પડતી એવા મૂરખાઓ પેલા ધૂતારા બાવાઓનાં ચરણોમાં લાખો-કરોડો રૂપિયા મૂકી આવે છે. પછી તે બાવાઓ માટે આજનો લટાવો મસ્ત બની જાય છે. આપણને પૈસાનો મોહ છોડી દો એમ કહે અને પોતે પૈસા બનાવે.

આપણા દેશમાં વિવિધ ધર્મ-સંપ્રદાયના જેટલા મંદિરો - મસ્જિદો અને ધર્મસ્થાનો છે એની રોકડમાં કેટલી રકમ થાય? એ રકમ જો યોગ્ય ઉત્પાદનમાં લાગે તો દર વર્ષે એક નવું જાપાન કે અમેરિકા તૈયાર થાય એટલી મબલખ કમાણી થઈ શકે - આવું ગણિત આપણને કોઈ ભણાવતું નથી. આપણને આ અભણ બાવાઓ ભૌતિક સુખોથી દૂર રહેવા કેમ સમજાવે છે તે એમ મોટો પ્રશ્ન છે.

આપણી અર્થતંત્રની યોજનાઓ પોલી છે અને આપણી કાનૂની વ્યવસ્થાઓ સાવ લૂલી છે, સાંજે શું જમીશું એની ચિંતામાં બપોરનું લંચ બગાડી નાખવામાં આપણે શૂરા છીએ.

લક્ષ્મી અને લોહી વહેતા રહેવાં જોઈએ એ સિદ્ધાંત આપણને સમજાય તો ભારત પૃથ્વી ઉપર બીજું અમેરિકા બની જાય. દુનિયાનો બધો પ્રવાહ આપણા તરફ વળે.

જૈનમ્ જયતી શાસનમ                    ટ્રસ્ટ રજી. નં. A2640(Ahmedabad)

શ્રી આદિનાથાય નમઃ   શ્રી વિમલનાથાય નમઃ   શ્રી અનંતનાથાય નમઃ   જય જય ગરવી ગુજરાત

## શ્રી કચ્છી દશા ઓશવાલ જૈન પશ્ચિમ એકમ

બી-133, ઈશ્વરનગર કો.ઓ.હા.સોસાયટી, શુરૂસેકશન રોડ, જામનગર-ગુજરાત

સરક્યુલર નં. ૨/૧૯                    ૦૭-૦૨-૨૦૧૯

જયજિનેન્દ્ર સાથે જણાવવાનું કે શ્રી ક.દ.ઓ. જૈન પશ્ચિમ એકમની આગામી **જનરલ મીટીંગ તા.૨૮-૦૨-૨૦૧૮ ને ગુરૂવારે સવારના ૧૧-૦૦ કલાકે મોડપર મુકામે**

શ્રી ક.દ.ઓ. જૈન જ્ઞાતિ મહાજન મોડપર,   શ્રી સુપાર્શ્વનાથ જૈન ઉપાશ્રય

મુ.પો. મોડપર તા. હાલાર, જિ. જામનગર   એડ્રેસ પર રાખવામાં આવેલ છે.

**મીટીંગની કાર્યસુચી (એજન્ડા)**

૧. એકમની ૧૨-૧૧-૨૦૧૭ ની કારોબારી સભ્યોની મીટીંગ ની મીનીટ્સ વાંચનમાં લઈ બહાલ રાખવા બાબત.
૨. એકમના ૩૧-૩-૨૦૧૮ ના રોજ પુરા તથા વર્ષના ઓડીટેડ હિસાબ -કિતાબ.
૩. એકમના ૨૦૧૮-૨૦૧૯ ના વર્ષ માટે અંદાજીત બજેટ .
૪. એકમના ૨૦૧૮-૨૦૧૯ ના વર્ષ માટે ઓડીટરની નિમણુક કરવા બાબત.
૫. પ્રમુખશ્રી અથવા પ્રમુખશ્રીની અનુમતીથી જે કાંઈ રજુઆત થાય તેના પર ચર્ચા-વિચારણા કરવા બાબત.

નોંધ-(૧)કોરમના અભાવે જો મીટીંગ મુલ્તવી રાખવી પડે તો ઉપરોકત સ્થાને ૩૦ મીનીટ પછી કોરમનો બાધ લીધા વગર મીટીંગની કાર્યવાહી કરવામાં આવશે.

(૨) **ફકત તા. ૩૦-૦૧-૨૦૧૯ સુધી નોંધાયેલા એકમના સભ્યો માટે પ્રવેશ,** સભ્યોને માત્ર પ્રકાશ સમીક્ષાના માધ્યમથી જાણ કરવામાં આવે છે, વ્યક્તિગત નોટીસ મોકલવામાં આવશે નહી.

(૩) નોંધ - સર્વે સભ્યો તથા આમંત્રીત મહેમાનો માટે મીટીંગ બાદ ભોજનની વ્યવસ્થા છે.

**લિ. સેક્રેટરી**
**શ્રી ક. દ. ઓ.જૈન પશ્ચિમ એકમ**
**મુકશ માણકજી લાડાયા**

**પત્ર વ્યવહાર માટે કાર્યાલય નું એડ્રેસ**
**સેક્રેટરી શ્રી ક. દ. ઓ.જૈન પશ્ચિમ એકમ મુકેશ માણેકજી લોડાયા**
**-: સાંયરા સદન, અચલગચ્છ જૈન ભવન પાછળ, કોર્પોરેશન વોર્ડ ઓફીસની બાજુમાં, જીપીઓ પાસે, રાવપુરા,વડોદરા-390 001(ગુજરાત) મો. 09426403337, ઈ-મેઈલ forumarts@yahoo.com**

## ભાવપૂર્ણ શ્રદ્ધાંજલિ

જન્મ
૧૫-૧૧-૧૯૩૭
મુંબઈ



અરિહંત શરણ
૧૭-૦૧-૨૦૧૯
મુંબઈ

## સ્વ. શ્રી ચંદ્રકાન્ત ધનજી ધરમશી

**કચ્છ-સુથરી**

આપની વસમી વિદાયને પુરો એક મહિનો થયો. આપનો કુટુંબ પ્રેમ, માયાળુ પરંતુ હિંમતવાન સ્વભાવ, વ્યવહાર કુશળતા બહુજ યાદ આવે છે. આપના દિવંગત આત્માને ભાવભરી માસિક શ્રદ્ધાંજલિ અર્પિત કરીએ છીએ. આપનો દિવ્ય આત્મા પરમપદ પામે એવી પરમકૃપાળુ પરમાત્માને પ્રાર્થના.

**ગં. સ્વ. ગુણવંતી ચંદ્રકાન્ત ધરમશી**

| | |
|---|---|
| **યોગીની સુનીલ મૈશેરી** | **ભાવેશ ચંદ્રકાન્ત ધરમશી** |
| **પ્રિતી પ્રદિપ લોડાયા** | **પ્રાપ્તિ ભાવેશ ધરમશી** |
| **ઇમ્પલ મહેશ પનપારિયા** | **ગુંજ - મેહેર** |

**વૈભવ - શૌર્ય - હેતલ - પ્રણવ - પાયલ - મહેક**

## વડીલબંધુને શ્રદ્ધાંજલિ



**શ્રી ભવાનજી રતનશી અજાણી (લોડાયા)**

**અરિહંતશરણ શુક્રવાર તા. ૧.૨.૨૦૧૯**

સ્વ. હીરાચંદ કુંવરજી લોડાયા (કોઠારા)
જયાબેન ધનજી કુંવરજી લોડાયા (કોઠારા)
સ્વ. લક્ષ્મીબાઈ પદમશી લાલકા (બાંઢિયા),
સ્વ. નવલબેન પ્રતાપસીંહ દંડ (સુથરી)
સ્વ. ગુણવંતી રતીલાલ બોના (નલીયા)
હીરાવતી હીરાચંદ પટેલ (સાંધાણ)

## ધનવંતી વિસનજી નાગડા - નલિયા



મને ધનવંતીબેનને પહેલીવાર મળવાનો મોકો ગદગમાં ચિંતામણી પાર્શ્વનાથ ટ્રસ્ટને ૧૦૦ વર્ષ પૂરા થયાની ઉજવણીમાં મળ્યો. તેમણે પોતાના બાળપણના થોડા વર્ષો ૧૯૩૫ થી ગદગમાં વિતાવ્યા હતા. ધનવંતીબેન અરવિંદ આશ્રમમાં પોંડીચેરીમાં મોટા થયા. તેઓ ૧૯૫૪થી આશ્રમની શાળામાં શિખવતા હતા. તેમણે કલાના વિવિધ ક્ષેત્રો ઉપર પોતાનો હાથ અજમાવ્યો પણ એમને અનુભવ્યુ કે ચિત્રકળા એમની તપસ્યા અને અનુભવોને વાચા અપી શકશે અને દિવ્યતાનો અનુભવ કરાવી શકશે.

''તપસ્યા'' એ સંગ્રહિત શબ્દ છે અને ઘણી વખત અંગ્રેજીમાં ''સજા'' રૂપે ખોટી રીતે વર્ણવામાં આવે છો. તપસ્યાનો ખરો અર્થ છે સંપૂર્ણ એકાગ્રતા અથવા એક ધ્યેય તરફ દ્રઢ નિશ્ચય શક્તિ.

જ્યારે તેમણે પોતાના ચિત્રોમાં ''મા''ને આશ્રમમાં દેખાડ્યા ત્યારે ''મા''એ ઘણીવાર સુધી ચિત્રકામ નિરખ્યા બાદ ધનવંતીબેનના કપાળે પ્રેમથી હાથ લગાડીને કહ્યું. ''તમારામાં'' કશુંક છે પણ તે તમારી આંગળીઓમાં નથી. તમે સંપૂર્ણ નખશિખ સુધી સંપૂર્ણ સજાગ હોવા જોઇએ. આ વિસ્તૃત નિરક્ષણે તેમની ચિત્રકળાની પધ્ધતિને સંપૂર્ણ રીતે બદલી નાખી.

તેમના વિધને ડોઇએ ''સ્વપ્નોનું વિશ્વ'' કહ્યું અને કેટલાકે ''દિવ્ય પ્રકાશમાન પ્રદેશ'' કહ્યો જેમાં આત્મા પોતાના અહંકારના પિંજરામાંથી મુક્ત થઇને પાંખો ફડફડાવીને મુક્ત ઉંચી અને ઉડાન ભરી શકે. બીજ ફુટે અને અંકુરમાં રૂપાંતરિત થઇ છે. છેવટે મુક્તિના હિલોળા લે છે. આપણી જીવન યાત્રામાં આપણા હૃદયના ઉંડાણમાં ઉતરીએ છીએ.

એક સમગ્ર અનંતનું એક નાના અનંત સાથે મિલન થાય છે. તેમના ચિત્રો એક રહસ્યમય પાત્રાનો અનુભવ કરાવે છે જે અદૃશ્યની શોધ કરે છે. તેમના ચિત્રો ફક્ત કલાની દૃષ્ટિએ ઉત્તમ નથી પણ એકદમ અનોખા છે. તેમના ચિત્રો ''ધ્યાન'' માંથી જનમ્યા છે અને તેમાંથી શાંતિ પ્રગટતી હોય એટલું લાગો છે. તેમના ચિત્રો તરખવા એટલે આપણી દૃષ્ટિને અંતરના ઉંડાણમાં લઇ જવી.



**તપસ્યા**

આપણા હુબલીમાં યોજાયેલ જ્ઞાતિ સંમેલનમાં દિવ્ય ચિત્રકામ બદલ સન્માન એમનું સન્માન કરવામાં આવ્યું હતું.

**- તિલકચંદ લોડાયા,** અનુવાદ : **ઉદયન શાહ**


કલા - કસબ અને કલરનો અનોખો સમન્વય

જ્યોતિ

સિલ્ક સાડી એમ્પોરીયમ

*Sachi Jari maate real nam*

૨૮, ગની મેન્શન, અરોરા થિયેટર પાછળ,
માટુંગા (સે.રે.), કિંગ્સ સર્કલ, મુંબઈ-૪૦૦ ૦૧૯.

**Tel.: 2404 3995 / રવિવારે બંધ Sunday Closed**

**Originally at Zaveri Bazar since 1976**



**2BHK 764 CARPET S.FT., WITH ONE OPEN PARKING**

601, 6th Floor, Ameet Tower,
Near Wasan House, S. T. Road,
Chembur, Mumbai - 400 071.

**Tel : 9820267730**

**Budget 2.25cr**

Ready possession

**3BHK, 760 S.FT. CARPET, WITH ONE PARKING**

1101, A Wing, 11th Floor,
Apurva Bldg, Near Fire Brigade,
Chembur Naka, Mumbai - 400 071.

**Tel: 9820267730**

**Budget 2.51Cr**

Under construction.
Possession by July 2019.

# શ્રી કોઠારા પાંજરાપોળ કોઠારા

રજીસ્ટર ઑફિસ :
કોઠારા કચ્છ, તા. અબડાસા,
પીનકોડ - ૩૭૦ ૬૪૫.
ફોન : ૦૨૮૩૧-૨૮૨૨૩૫

**શ્રી કચ્છી દશા ઓસવાલ મહાજન કોઠારા**
**સંચાલિત**
**શ્રી કોઠારા પાંજરાપોળ કોઠારા**

મુંબઈ ઑફિસ :
મે. કે. એન અજાણી, ૧૩૭,
અબ્દુલ રહેમાન સ્ટ્રીટ, મુંબઈ-૦૩.
ફોન : ૦૨૨-૨૩૪૦૦૨૫૧ (4 to 6)

## શ્રી કોઠારા પાંજરાપોળને જાન્યુઆરી માસમાં ૨૦૧૯ના આવેલ જીવદયા ફંડમાં દાનની યાદી

| રૂપિયા | દાતાઓના નામ |
|---|---|
| ૫૧,૦૦૦ | સંઘમાતા શ્રીમતી ભારતીબેન ભાગચંદ દામજી ધરમશી, કોઠારા-મુલુંડ - (Exim Transtrade India Pvt. Ltd.) સપ્ટેમ્બર ૨૦૧૮ |
| ૪૦,૦૦૦ | શ્રી હિન્દુ વૈષ્ણવ ટેમ્પલ સાલાલાહ, ઓમાન |
| ૨૫,૦૦૦ | શ્રી વર્ધમાન સ્થાનકવાસી જૈન શ્રાવક સંઘ, દાદર (વેસ્ટ) |
| ૨૫,૦૦૦ | શ્રીમતી રિટાબેન મણીકાંત લોડાયા, મુલુંડ |
| ૨૨,૦૦૦ | શ્રી નવનિત ફાઉન્ડેશન, અમદાવાદ |
| ૨૧,૦૦૦ | શ્રી વિજય ઈન્ટરપ્રાઈઝ, મુલુંડ (વેસ્ટ) |
| ૨૦,૦૦૦ | શ્રી મુલુંડ શ્વેતાંબર મૂર્તિપૂજક જૈન સંઘ, મુલુંડ (વેસ્ટ) |
| ૧૫,૧૧૧ | શ્રી જલારામ સંતસંગ મંડળ, મુલંડ (વેસ્ટ) |
| ૧૧,૦૦૦ | શ્રી કચ્છી દશા ઓશવાલ જૈન જ્ઞાતિ મહાજન, નલીયા |
| ૧૧,૦૦૦ | શ્રી કચ્છી દશા ઓશવાલ અચલગચ્છ શાંતિનાથ દેરાસર ટ્રસ્ટ, પારોલા |
| ૧૦,૦૦૦ | શ્રી અખીલ ભારતીય હિંસા નિવારણ સંઘ, અમદાવાદ |
| ૭,૫૦૦ | પ.પૂ. યતિશ્રી મોતીસાગર મ.સા.ના ૭૫માં જન્મદિવસ નિમિત્તે, મુંબઈ |
| ૫,૦૦૦ | શ્રીમતી હેમાબેન જીતેન્દ્રકુમાર જૈન, હત્તોડ |
| ૫,૦૦૦ | શ્રીપાલનગર જૈન શ્વેતાંબર મૂર્તિપૂજક દેરાસર ટ્રસ્ટ, નેપેન્સી રોડ |
| ૫,૦૦૦ | શ્રી મહાવીર નગર શ્વેતાંબર મૂર્તિપૂજક જૈન સંઘ, કાંદીવલી |
| ૫,૦૦૦ | શ્રી અચલગચ્છાધિપતી શ્રીમદ જિનેન્દ્રસાગરસૂરીશ્વરજી મ.સા. શ્રી કચ્છી દશા ઓશવાલ જૈન વિદ્યાર્થીગૃહ (બોર્ડિંગ), ધુલીયા |
| ૫,૦૦૦ | શ્રી નેનીદાસ પ્રેમજી ગોગરી ચેરીટેબલ ટ્રસ્ટ, પત્રી-કાંદીવલી |
| ૩,૦૦૦ | માતુશ્રી કેસરબેન અરજણ દેઢિયા પરિવાર, ભુજપર |
| ૩,૦૦૦ | શ્રીમતી ભારતીબેન ખુશાલચંદ છેડા, લાયજા-માટુંગા |

| રૂપિયા | દાતાઓના નામ |
|---|---|
| ૩,૦૦૦ | શેઠશ્રી વાડીલાલ સારાભાઈ દેરાસર ટ્રસ્ટ પ્રાર્થના સમાજ |
| ૨,૬૦૬ | શ્રી કચ્છી દશા ઓશવાલ જૈન મહાજન, ધુલીયા |
| ૨,૫૦૦ | શ્રી પરેશ ઝવેરચંદ નાગડા, ઘાટકોપર-પરજાઉ |
| ૨,૫૦૦ | શ્રી સુલભ સાઈનીંગ ગ્રુપ, બોરીવલી |
| ૨,૦૦૦ | શ્રી મણીલાલ હંસરાજ ગાલા સ્મરમાર્થે, દેવપુર |
| ૨,૦૦૦ | શ્રીમતી મનલક્ષ્મી શાંતિલાલ લોડાયા, સાંયરા-થાણા |
| ૨,૦૦૦ | માતુશ્રી નાથબાઈ ગાંગજી પુંજા, નરેડી |
| ૨,૦૦૦ | શ્રી પુંજા ખેરાજ, નરેડી |
| ૨,૦૦૦ | શ્રી ગાંગજી પુંજા, નરેડી |
| ૨,૦૦૦ | શ્રી રાજપર ગાંગજી, નરેડી |
| ૨,૦૦૦ | શ્રીમતી જયાબેન રાજપર, નરેડી |
| ૨,૦૦૦ | શ્રી શ્વેતાંબર સ્થાનકવાસી જૈન સંઘ, વસઈ |
| ૧,૫૦૦ | શ્રી લહેરચંદ ઉત્તમચંદ ટ્રસ્ટ, મુંબઈ |
| ૧,૧૦૦ | શ્રી સુરેશ લાલજી છેડા, સુજાપર-ડોંબીવલી |
| ૧,૧૦૦ | શ્રી પ્રકાશભાઈ નથુભાઈ પટેલ, ભુજ |
| ૧,૧૦૦ | શ્રી સી. એલ. શાહ, વાંકુ |
| ૧,૦૦૦ | શ્રી લહેશ ઝવેરચંદ નાગડા, પરજાઉ-ઘાટકોપર |
| ૧,૦૦૦ | શ્રી ઘોલાદેવ અચલગચ્છ જૈન સંઘ, મુંબઈ |
| ૧,૦૦૦ | શ્રી દિપેશ ચંદ્રકાંત શાહ, નાગપુર |
| ૧,૦૦૦ | શ્રી દામજી ઉમરશી ઘેલાભાઈ પરિવાર, મુંબઈ |
| ૧,૦૦૦ | શ્રી સિમંધર સ્વામી શ્વેતાંબર સંઘ, અમદાવાદ |

**નોંધ : આ સંસ્થાને આપેલ દાન ઈન્કમ ટેક્સ એક્ટ કલમ ૮૦ જી મુજબ રાહતપાત્ર છે.**

**બેંક વિગત** Name : **SHRI KOTHARA PANJRAPOLE KOTHARA**

**DENA BANK :** BHAT BAZAR BRANCH, MUMBAI-400 009.
A/c. No.: **014610004041**
RTGS : **BKDN0450146**
**સંપર્ક : મેનેજીંગ ટ્રસ્ટી નલિન કેશવજી અજાણી**
**ફોન : 022-2340 0251 ● મોબાઈલ : 098200 43645**
**(સમય : બપોરે ૪.૦૦ થી ૬.૦૦ કલાકે)**

**DENA BANK :** KOTHARA - KUTCH BRANCH
A/c. No.: **032610001905**
RTGS : **BKDN0330326**
**સ્થાનિક સંપર્ક : કાન્તીલાલ લાલકા**
**મોબાઈલ : 09377088890**


રીયલ હેન્ડ એમ્બ્રોઈડરી, રીઅલ જરી,
ચોકબંધ ઘરચોળા, ડિઝાઈનર સાડી, પ્યોર સિલ્ક સાડી
તેમજ એક્સક્લુઝીવ ડ્રેસ માટે
Since 1982...
**Lagna Deep**

બી-૧૩, જલારામ આશિષ દેવીદયાલ રોડ,
મુલુન્ડ (વેસ્ટ), મુંબઈ-૪૦૦ ૦૮૦.
ફોન : ૨૫૬૮૦૮૦૭ (૦૨૨)
Mob.: 7666688881 / 7666622229


## બે ફ્લેટ વેચવાના છે

કાંજુરમાર્ગ સોસાયટીમાં રૂમ/કીચન તથા રૂમ, કીચન, બેડરૂમ ભાડેથી આપવાનું છે તથા રૂમ કીચનના બે ફ્લેટ વેચવાના છે.
**સુરેશ કલ્યાણજી ધરમશી** - મો.: **9324501333**

**લગ્ન સંબંધી :** કોઈમ્બતુર સ્થિત ઉ.વ.-૨૬,ઊં.૫'.૫'', B. Com, PG in digital marketing & communication, completed 3 years of articleship for persuing CA, હાલ રૂનો ધંધો ધરાવતાં યુવક માટે સમકક્ષ પાત્રના વડીલોએ સંપર્ક કરવો. મો.: **9843018927**





## રચયિતા: જયકાંત મોતા

ઘાટકોપર (તેરા) ૯૮૧૯૬ ૨૮૩૮૨

### ધર્મ સંદેશ - ૧૩૪

**આડી ચાવીઓ -**

[૧] પાતાળલોક (૪); [૨] ૧૦૮ માંના એક પાર્શ્વનાથ (૨); [૪] આ શ્રાવિકા એ છ મહિનાના તપથી અકબર ને પ્રભાવિત કર્યા (૨); [૫] અઠાર પાપ સ્થાનકોમાંનું એક (૪); [૭] પ્રાણ પ્રતિષ્ઠા વગરની મૃતિ (૫); [૧૧] પર્યુષણનું મુખ્ય કર્તવ્ય (૪); [૧૩] ક્ષત્રિયકુંડની તળેટી (૪); [૧૫] નમણ એ પ્રભુને ચડાવેલ એક — છે (૨); [૧૭] મોક્ષની — એ ધર્મ છે (૩); [૧૯] ઘણા જિનાલયમાં —નું એક ચોક્કસ સ્થાન હોય છે (૨); [૨૧] દાનના ક્ષેત્રો કેટલા ? (૨); [૨૨] નવકારના જાપ કરવાથી આપણું — થાય (૩); [૨૩] પૂના પાસે આવેલ મહાવીરનું તીર્થ (૩); [૨૫] ૧૦૮ પાર્શ્વનાથ માંના એક (૩); [૨૭] દરેક જિનાલયમાં આનો ઉપયોગ ખૂબજ થાય છે (૬); [૩૧] હથુન્ડી તીર્થનું બીજું નામ (૬); [૩૨] ધાર્મિક બોલીઓની ઉછામણી — માં થાય (૨)

**(ઉકેલ અન્યત્ર)**

**ઊભી ચાવીઓ -**

[૧] —માં આઠ માંગલિક ચિન્હોનો સમાવેશ થાય છે (૫); [૨] — ઉપર કાબુ રાખવો જોઇએ (૨); [૩] હમેશાં આપણી બોલીનો — સારો હોવો જોઇએ (૩); [૫] પ્રતિમા (૨); [૬] ૧૦૮ પાર્શ્વનાથ માંના એક (૩); [૮] અહીંથી પહાડ ઉપર મહાવીર સ્વામીના તીર્થે જવાય (૪); [૯] પાર્શ્વનાથના માતા —દેવી (૨); [૧૦] લાંછન અને તીર્થંકર નું નામ એક છે (૨); [૧૨] કાર્તકી પૂનમના શત્રુંજય —ના દર્શન કરો (૨); [૧૪] ધર્મની — ઉપર ચાલવું અઘરૂ છે (૩); [૧૬] સમયનો — કરવાનો છોડો અને મનને ધર્મ થી જોડો (૨); [૧૮] કવડ યક્ષ એ શત્રુંજયના — છે (૩); [૨૦] અહીં દિગંબરનું સુવર્ણ મંદિર છે (૪); [૨૧] લાકડાનું સાધન જે જ્ઞાનનું ઉપકરણ છે (૩); [૨૩] સંસાર છોડવો એ —નું કામ નથી (૩); [૨૪] કચ્છનું એક ચંદ્રપ્રભુનું તીર્થ (૨); [૨૬] —નો ગુણ કેળવવાથી પાપોમાંથી બચાય છે (૩); [૨૭] નવા કર્મોના બંધનને રોકનારી આત્મશક્તિ (૩); [૨૮] એક જ્ઞાન (૨); [૨૯] ઘણા ધાર્મિકો સમાધી —ની ઝંખના કરતા હોય છે (૩); [૩૦] પર્યુર્ષણ એ પર્વો માં — પર્વ છે (૨)



### કચ્છી કસબ - ૧૩૪

**આડી ચાવીઓ -**

